http://www.howtoexam.com

*SL-1271*

# SL-1271

Seat No.________

## First Year B. A. Examination

**March / April – 2006**

## Gujarati : Paper – II

*(વૈકલ્પિક - પ્રથમ ગૌણ) (Op. - I)*

*(નિબંધ, અર્થ વિસ્તાર, અરજી લેખન, વ્યાકરણ)*

Time : **3** Hours] [Total Marks : **100**

૧ કોઈ પણ એક વિષય પર નિબંધ લખો : ૩૦

(૧) મારો પ્રિય લેખક

(૨) ઊગે કમળ પંકમાં તદપિ દેવશિરે ચડે

(૩) એકવીસમી સદીનું ભારત

(૪) સાહિત્ય અને જીવન

(૫) લોકશાહી : લાભ-ગેરલાભ.

HowToExam.com

૨ નીચેના પરિચ્છેદનો અર્થ વિસ્તાર કરો : ૨૦

સાહિત્ય એ જીવનનું પ્રતીક છે. જીવન નિરોગી, પ્રસન્ન, સેવાપરાયણ, પ્રેમપૂર્ણ અને પરાક્રમી હોય તો તેના બધાજ વ્યાપાર આકર્ષક અને પ્રભાવશાળી થવાના. જે વિચારમાં આર્યતા છે, ઉદાત્તતા છે અને સર્વ મંગલકારી કલ્યાણની ભાવના છે તેનું શબ્દ શરીર એની મળે જ ભાવગંભીર, લલિત, કોમળ અને પ્રસાદપૂર્ણ થવાનું જ. માટે કેવળ સાહિત્યની ઉપાસના ન કરતાં જો આપણે આર્ય અને પ્રસન્ન જીવનની ઉપાસના કરીએ તો. સાહિત્યની સુંદરતા એને મેળે ફૂટી નીકળશે. બારડોલીનાં ખેતરોમાં પૂજ્ય ગાંધીજી અને વલ્લભભાઈએ ઉચ્ચારેલી ભાષા પોતાની સ્વાભાવિકતાથી જ ધીરોદત્ત અને પ્રૌઢ બની છે. સાહિત્યની ઉન્નતિ કરવી હોય તો જીવનની ઉન્નતિ કરીએ. સાહિત્ય એ જીવનની છાયા છે, જીવનની સુગંધ છે.

– કાકા કાલેલકર

૩ તમારા શહેરમાં યોજાઈ ગયેલા પુસ્તક મેળા અંગેની માહિતી આપતો પત્ર તમારા મિત્રને લખો. ૧૫

**અથવા**



Document Produced by deskPDF Unregistered :: http://www.docudesk.com
Download latest university exam question paper, model paper and sample papers

http://www.howtoexam.com

૩ રાસાયણિક ખાતરની કંપનીમાં મેનેજરની જગ્યા માટેની અરજી કરો. ૧૫

૪ નીચેના ગદ્યખંડનો સંક્ષેપ કરો :

નદીને જો કોઈ ઉપમા છાજે તો તે માતાની જ છે નદીને કાંઠે રહીએ એટલે દુષ્કાળની બીક તો રહે જ નહિ. મેઘરાજા દગો દે ત્યારે નદી માતા આપણો પાક પકવે. નદીનો કાંઠો એટલે શુદ્ધ અને શીતલ હવા, નદી કાંઠે કાંઠે ફરવા જઈએ એટલે કુદરતના માતૃવાત્સલ્યના અખંડ પ્રવાહનું દર્શન થાય. નદી મોટી હોય અને એના પ્રવાહ ધીર ગંભીર હોય ત્યારે તો કાંઠા ઉપર રહેનાર લોકોની જાહોજલાલી એ નદીને જ આભારી હોય, સાચે જ નદી જનસમાજની માતા છે. શહેરમાં શેરીએ શેરીએ આપણે ફરતા હોઈએ અને એકાદ ખૂણા તરફથી નદીનું દર્શન થાય ત્યારે આપણને કેટલો આનંદ થાય છે ? શહેરનું મેલું વાતાવરણ કયાં ? અને નદીનું પ્રસન્ન દર્શન કયાં ? તરત જ ફેર જણાઈ આવે છે, નદી ઈશ્વર નથી પણ ઈશ્વરનું સ્મરણ કરાવનાર દેવતા છે. જો ગુરૂને વંદન ઘટે છે, તો નદીને પણ વંદન કરવું ઘટે છે.

– કાકાસાહેબ કાલેકર

૫ સૂચના પ્રમાણે જવાબ આપો :

(અ) કોઈ પણ પાંચના પર્યાયવાચી શબ્દ આપો : ૫

અવાજ, મૃત્યુ, લોચન, ઘોંઘાટ, કીર્તિ, પૃથ્વી, વિયોગ, કાયર

(બ) કોઈ પણ પાંચના વિરોધાર્થી શબ્દો આપો : ૫

અગવડ, સંયોગ, પ્રાચીન, અંતિમ, સાહસિક, વ્યય, વિકસિત, મૌન

(ક) કોઈ પણ પાંચ સામાસિક શબ્દો આપો : ૫

(૧) મનને હરી લે તેવું
(૨) અંતરને જાણનાર
(૩) એક કરતાં બીજા પક્ષની વધુ મતોની સંખ્યા
(૪) એકજ વર્ગમાં સાથે ભણનાર
(૫) ગિરિને ધારણ કરનાર
(૬) સહન ન કરી શકાય તેવું
(૭) જેની કિંમત આંકી ન શકાય
(૮) સાતવારનો સમૂહ.



Document Produced by deskPDF Unregistered :: http://www.docudesk.com
Download latest university exam question paper, model paper and sample papers